**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૫ ટકા

# પાટનગરવાસીઓને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અપીલ

## પ્રથમ સપ્તાહમાં પ્લાસ્ટિક વેસ્ટ અવેરનેસ પર ભાર મુકવામાં આવ્યો છે : ડીવાયએમસી

## મહાનગરપાલિકાનો નવો પ્રયોગ : સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપન જાગૃતિ માસની ઉજવણી

ગાંધીનગર, તા.૭

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા જાન્યુઆરી મહિનામાં ઘન કચરાના વ્યવસ્થાપન મુદ્દે સોશિયલ મિડીયાના માધ્યમથી નગરવાસીઓને વધુ જાગૃત કરાશે. પ્રથમ સપ્તાહમાં પ્લાસ્ટિક વેસ્ટ, ખાસ કરીને એક જ વખત ઉપયોગમાં લઈ શકાતા પ્લાસ્ટિકના કચરાથી થતાં નુકશાન સંબંધે લોક જાગૃત્તિના કાર્યક્રમોથી શરૂઆત કરાઈ છે. જન જાગૃત્તિ માટેના આ સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટે નગરવાસીઓને અપીલ કરવા સાથે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી.સી. દવેએ જણાવ્યું કે બીજા સપ્તાહને સેનેટરી વેસ્ટ અવેરનેસ, ત્રીજા સપ્તાહને સુકા અને ભીના કચરાના વર્ગીકરણના વિષયે અને ચોથા સપ્તાહને ઈ-વેસ્ટ અવેરનેસ વીક તરીકે ઉજવાશે.

પ્લાસ્ટિક વેસ્ટ અવેરનેસ વીક અંતર્ગત હકિકતો અને આંકડા આપવાની સાથે ક્વિઝ, લોકમત અને લોક પ્રતિસાદ મેળવવા સહિત કાર્યક્રમોનું આયોજન કરાશે. તેમાં કચરાના વ્યવસ્થાપન સંબંધમાં વેબીનાર યોજીને સમજ અપાઈ રહી છે. પરિણામે વધુમાં વધુ નાગરિકો તેમાં સામેલ થઈને કચરાના વ્યવસ્થાપન અંગેની સમજણને વધુ વિકસાવી શકશે. પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા પ્લાસ્ટિક પકડો ઝુંબેશ ચલાવાશે. લોકોને કાપડની થેલી મળી રહે તેના માટે ક્લોથ બેગ બેંક જેવી વ્યવસ્થા ઉભી કરવા ઉપરાંત કાપડની થેલીઓનું વિતરણ કરાશે.

કચરાના વ્યવસ્થાપનની ચાર પ્રકારની માહિતી ચાર સપ્તાહમાં અપાશે. તેમાં કચરો શેમાંથી ઉત્પન્ન થાય છે અને તે શેનો બનેલો છે, તેના પર ધ્યાન અપાશે. કચરાનું યોગ્ય વ્યવસ્થાપન ન થાય તો તેની માઠી અસર અને પર્યાવરણીય નુકશાનની માહિતી અપાશે. વર્તમાનમાં કચરા વ્યવસ્થાપનની પદ્ધતિઓ, મહાપાલિકા દ્વારા અનુસરાતી પદ્ધતિઓ અને વ્યવસ્થાપનમાં વ્યક્તિ તથા સમુદાયના સ્તરે નાગરિકોની ભૂમિકા ઉજાગર કરાશે.




### રોજ એક આફ્રિકન હાથીના વજન જેટલો પ્લાસ્ટિક કચરો શહેરમાં ઉત્પન્ન થાય છે

**સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટશ્રી સંદિપસિંહ ગોહિલે પ્લાસ્ટિકથી થતાં નુકશાન અંગેની આંખ ઉઘાડી દેતી માહિતી આપતા જણાવ્યું કે ગાંધીનગર શહેરમાં પ્રતિ દિવસ એક આફ્રિકન હાથીના વજન જેટલો એટલે કે ૫ ટન કચરો માત્ર પ્લાસ્ટિક વેસ્ટનો ઉત્પન્ન થાય છે. જે પ્રતિ વર્ષે ૪૭૦ હાથીના વજન જેટલો ૧,૮૨૫ ટન કચરો થાય છે. સૌથી વધુ સીંગલ યુઝ પ્લાસ્ટિક, જેમાં પ્રતિબંધિત કોથળીઓ, કટલરી, સ્ટ્રો અને પેકેજીંગ મટિરીયલ હોય છે. આશ્ચર્ય પમાડનાર સત્ય એ છે કે આ પ્લાસ્ટિક વેસ્ટનો કુદરતી રીતે નાશ થવામાં બે, પાંચ કે દશ વર્ષ નહીં પરંતુ ૧૦૦૦ વર્ષ લાગે છે.**




# ગ્લ્યુટેન ફ્રી શિંગોડાનું શહેરમાં વેચાણ

### શિંગોડાના સેવનથી શરીરમાં ઠંડક થાય છે : ખાસ વજન ઉતારવા માટે તથા ફરાળી વાનગીઓ માટે શહેરની ગૃહિણીઓ સિઝનમાં શિંગોડાનું સેવન કરે છે

ગાંધીનગર, તા.૭

લોકપ્રિયતા ન મેળવી હોવા છતાં શિંગોડાને ફળ તરીકે સ્વીકારીને આપણે ઓળખીએ છીએ. કહેવાય છે ને કે લોકપ્રિયતા મેળવવા માટે કાંઈક અલગ દેખાવ કે રૂપ જોઈએ તેવો દેખાવ શિંગોડાનો નથી. વાસ્તવમાં શિંગોડાનો ઘેરો કાળો રંગ અને અનિયમિત સ્વરૂપનો વિચિત્ર આકાર તેને લોકપ્રિય થવા નહિ દે પરંતુ તેના ગુણ અનેક છે. સ્વભાવે ઠંડા, ઓછા, ચરબીવાળા અને ગ્લ્યુટેન વગરના આ ફળને ખાસ વજન ઉતારવા માટે આરોગાય છે. આ સિઝનલ ખાદ્ય ફળનું સેવન સિઝનમાં ખાસ કરવાની શહેરના ડોકટરો સલાહ આપતા હોય છે.



શિંગોડા એક જળીય છોડ છે. વાસ્તવમાં આરોગાતો સફેદ ભાગ બી છે. આ બી અરૂચિકર રંગના કોચલામાં ઘેરાયેલું હોય છે. શિંગોડામાં પ્રતિ ૧૦૦ ગ્રામ એ ૪૮.૨ ગ્રામ પાણી, ૩.૪ ગ્રામ પ્રોટીન, ૦.૨ ગ્રામ ફેટ, ૩૨.૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૭૩૦ કેલેરી, ૩.૩ ગ્રામ શર્કરા, ૧૪.૯ ગ્રામ ડાયેટરી ફાઈબર, ૧૭.૯ ગ્રામ કેલ્શિયમ, ૦.૪ ગ્રામ ઝીંક, ૦.૭ ગ્રામ આર્યન, ૦.૮ ગ્રામ સોડિયમ અને ૪૬૮ મિલિગ્રામ પોટેશિયમ હોય છે.

સૂકા શિંગોડાને દળીને શહેરની બહેનો તેનો ફરાળી લોટ તરીકે ઉપયોગ કરે છે. જેમાંથી ફરાળી બફવડા, પૂરી, ભાખરી, કટલેસ, પીત્ઝા કે પેટીસ સાથે ઘણી ફરાળી વાનગી તૈયાર કરી શકાય છે. ગ્લ્યુટેન ફ્રી શિંગોડામાં ચરબી ઓછી અને કોલસ્ટ્રોલ નહિવત હોય છે જેથી તેનો ઉપયોગ વેઈટ લૂઝ કરવા માટે પણ થાય છે. ત્રિકોણાકાર ધરાવતા શિંગોડાને સંસ્કૃત ભાષામાં શ્રૃંગારક કહેવાય છે. શિંગોડાનો છોડ પાણીમાં તરતો રહેતો હોય છે અને ફળ પાણીમાં ડુબેલા રહેતા તેના મૂળ પર લાગે છે. આ ફળના માથાના ભાગ પર શિંગડાની જેમ બે કાંટા હોય છે જેથી તેને શિંગોડા કહેવાય છે. શિંગોડાને કાચા, શેકીને કે બાફીને ખાઈ શકાય છે. શહેરના માર્કેટમાં કાચા અને બાફેલા શિંગોડા વેચાઈ રહ્યા છે અને ઉત્તરાયણનો સમય નજીક આવતા જ શહેરીજનો બોર અને શિંગોડાની ખરીદી કરી રહ્યા છે.

## દહેગામમાંથી ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેર પોલીસ મથકના પીઆઈ જે.કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ પી.જે. સોલંકી સહિત ટીમના સભ્યો દહેગામ શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે દહેગામના જવાહર માર્કેટ ખાતે આવેલા લક્ષ્મી ટ્રેડસના ગોડાઉનમાંથી ૧૧બોક્ષ ચાઈનીઝ દોરીના ઝડપી પાડ્યા હતા. બોકસ રહેલી કુલ ૧૩૯૦ ચાઈનીઝ દોરીની ફીરકીઓ પોલીસના હાથે આવી ગઈ હતી. જયારે ગોડાઉન પરથી પોલીસે રાજેશ ઉર્ફે રાજુભાઈ શ્યામલાલ કોરવાણી (ઉં.વ.૪૩ રહે. શારદા સોસાયટી પંકજવિભાગ -૨ દહેગામ), અનિલ કિશનભાઈ દેવીપુજક (ઉં.૩૧, સાતગરનાળા દહેગામ)ને રૂ.૯૯,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મનપાના ચુંટણી જંગ માટે સંભવિત ઉમેદવારો નક્કી કરવા 'આપ'ની કવાયત

### દિલ્હીથી આવેલા ઓબ્ઝર્વરે કાર્યકર્તાઓને મળીને રણનીતિ સમજાવવા સંભવિત નામોની 'સેન્સ' લીધી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ નજીકના સમયમાં યોજાવાની જાહેરાત થશે પરંતુ રાજકીય પક્ષો દ્વારા તેની તૈયારીઓ અગાઉથી જ હાથ દરી દેવામાં આવી છે. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ પાટનગરના મનપાના ચુંટણી જંગમાં ઝંપલાવવાનું રણશિંગું ફુંકી દીધું છે અને સંભવિત ઉમેદવારો નક્કી કરવા માટે કવાયત આરંભી દીધી છે. જેને અનુલક્ષીને આજે દિલ્હીથી પધારેલા ઓબ્ઝર્વર શિવકુમાર ઉપાધ્યાયે પાર્ટી હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડની બેઠકો પર આપ પાર્ટી પોતાના ઉમેદવારો ઉભા રાખશે અને શહેરીજનોને નવો વિકલ્પ આપશે તેવો ઈશારો અગાઉ પાર્ટીના સ્થાનિક આગેવાનો આપી ચુકયા છે અને પાર્ટી સંગઠનના સંનિષ્ઠ અને કર્મઠ કાર્યકર્તાઓને ઉમેદવારી માટે પસંદ કરશે તેવો ભાર મુકવામાં આવી રહ્યો છે. આંતરિક સુત્રોના જણાવ્યા મુજબ પાર્ટીના સ્થાનિક અગ્રણીઓ દ્વારા મોટાભાગના વોર્ડ માટે સંભવિત ઉમેદવારોની સૂચિ તૈયાર કરી દેવામાં આવી છે પરંતુ આ વખતે મનપામાં સમાવિષ્ટ નવા વિસ્તારને પગલે નવું સીમાંકન કેવું જાહેર થશે તેના પર આખરી યાદીનો આધાર રહેશે તેવું જાણવા મળી રહ્યું છે. આજે ગાંધીનગર આવેલા ઓબ્ઝર્વર શિવકુમાર ઉપાધ્યાય અમદાવાદ ઝોનના સંગઠન મંત્રીની પણ જવાબદારી સંભાળે છે જેમણે હસમુખભાઈ પટેલ સહિત કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી આ બાબતે અનુમાનો મેળવ્યા હતા અને કાર્યકર્તાઓ સાથે પાર્ટીની રણનીતિ અંગે ચર્ચા કરી હતી. પાર્ટી પ્રવકતા આશિષ ઝાલાએ જણાવ્યું હતું કે આપ પાર્ટીમાં કાર્યકર્તાઓનો ઉત્સાહ જોતા આગામી ચુંટણીઓમાં કંઈક નવા જુની કરશે.

## સેકટર-૨૪ ખાતેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ બિલોરી એપાર્ટમેન્ટ સામે લકી ઓટો આગળ જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતા એક શખ્સને રૂ.૧૦,૧૯૦ ના મુદામાલ સાથે સેકટર-૨૧ પોલીસે દબોચી પાડ્યો છે. પોલીસે આ શખ્સ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના ડી સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણા અને કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી . જેને પગલે પોલીસે સેકટર-૨૪ બિલોરી એપાર્ટમેન્ટ સામે લકી ઓટો આગળ થી લાલાભાઈ બાબુભાઈ પ્રજાપતિ ( રહે. સેકટર-૨૪ ગુ.હા.બોર્ડ મ.નં.૭૯-૩૨ ) પકડી પાડ્યા હતા. પોલીસે વરલી મટકાનું સાહિત્ય, બે ચીઠ્ઠી, બોલપેન મળી કુલ રૂ.૧૦,૧૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવક સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨સીના દૂધ કેન્દ્ર પરથી વારંવાર દૂધ સાથે આખા ક્રેટની ચોરી

ગાંધીનગર, તા.૭

કોરોના કાળથી સમગ્ર દેશમાં બેકારી વધી ગઈ છે. લોકડાઉન થવાને કારણે ઘણી પ્રાઈવેટ કંપનીઓ દ્વારા વર્ક ફ્રોમ હોમ સોંપવામાં આવ્યું. ઘણી કંપની બંધ થઈ ધંધા પડી ભાંગ્યા તો ઘણાના પગાર ન થયા આ સમયે સૌની હાલત કફોડી બની હતી. શહેરમાં પણ જરૂરીયાતમંદોને મદદ અર્થે ઘણા યુવાનો તથા શહેરના મોટાઓ આગળ આવ્યા હતા પરંતુ એવી નહોતી ખબર કે આની અસરથી દૂધના આખેઆખા ક્રેટ ચોરાઈ જશે...! જી હા, શહેરના સે-૨-સી ખાતે અમૂલ દૂધ કેન્દ્ર પરથી પાછલા એક મહિનામાં ચારથી પાંચ વખત દૂધના આખેઆખા ક્રેટ ચોરાવવાની વાત સામે આવી છે.

શહેરના સેકટર-૨-સીના દૂધ કેન્દ્ર સંચાલકના જણાવ્યા અનુસાર રીંગ રોડ સ્થિત ત્રણ રસ્તા પાસેની સરકારી પ્રાથમિક શાળા પાસેના દૂધ કેન્દ્ર પર લગભગ રાત્રે ૩ થી ૩.૩૦ વાગ્યા વચ્ચે દૂધનું વાહન દૂધનું ક્રેટ ઉતારીને જાય છે. પહેલા વાંધો નહતો આવતો પરંતુ પાછલા એક મહિનામાં મારા દૂધ કેન્દ્ર પર પહોંચતા પહેલા જ દૂધ સાથે આખું ક્રેન ચોરાઈ જાય છે અને આ એક વખત નહી ઓછામાં ઓછું ચારથી પાંચ વાર બન્યું છે. આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી છે. સે-૨-સીના રહેવાસીઓ તથા દૂધ કેન્દ્ર સંચાલક દ્વારા અપીલ કરવામાં આવે છે કે શહેરના બીજા તમામ કેન્દ્ર સંચાલકો આ બાબતને ધ્યાનમાં લઈ સજાગ બને જેથી બીજા સેકટરમાં દૂધ ભરેલ ક્રેટ ચોરાવવાની ઘટના ન બને.


# ગ-૪નો ઘેઘુર વડલો કપાઈ જશે? સોશ્યલ મિડીયા પર 'ટૉક ઓફ ધ ટાઉન' બન્યો...!!

### વિકાસ કાર્યોના ઓથ તળે ગ-માર્ગ પર કપાનારા વૃક્ષોમાં સ્વર્ણિમ પાર્ક પાસેના વડલાનો સમાવેશ કરાયો છે તેવી વાત સાથે પ્રકૃતિ પ્રેમીઓ રોષ ઠાલવી રહ્યા છે : અબાલ વૃધ્ધ સૌ કોઈનો પ્રિય બનેલો વડલો બચાવવા નાગરિકોની અપીલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એક સમયે સમગ્ર એશિયાનું સૌથી હરિયાળું પાટનગર હોવાનું સન્માન ધરાવતું હતું પરંતુ આજે સ્થિતિ એ છે કે આ શહેરે 'ગ્રીન સિટી'નું બિરૂદ તો ગુમાવી દીધું જ છે પરંતુ ગાંધીનગર જિલ્લો ગુજરાત રાજયમાં સૌથી હરિયાળા જિલ્લાઓની યાદીમાંથી પણ પાછળ ધકેલાઈ ગયો છે. પાટનગરમાં કોઈને કોઈ વિકાસ કાર્યોની ઓથ તળે વહીવટી તંત્રએ જાણે વૃક્ષોનું નિકંદન જ કાઢવાની ઠાન લીધી હોય તેવું છેલ્લાં કેટલાક સમયથી નાગરિકોને પ્રતિત થઈ રહ્યું છે. એક તરફ શહેરના સેકટર-૨૨માં આંતરિક માર્ગ પહોળો કરવાની લ્હાયમાં આશરે ૩૦૦ જેટલાં વૃક્ષોનું છેદન થવાનું નિર્ધારિત થયું છે જેની સામે પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે ત્યાં બીજી તરફ શહેરના મહાત્મા મંદિર નજીક ગ-૪ સર્કલ પાસે સ્થિત એક ઘટાદાર નયનરમ્ય વડલો અન્ડર પાસ તથા ગ-રોડને પહોળો કરવા જેવી વિકાસ કાર્યને અનુલક્ષીને જે વૃક્ષોની કટૌતી કરવામાં આવશે તે અંતર્ગત તેને કાપવાનું પણ નિયત કરાયું હોવાની વાત સાથે સોશ્યલ મિડીયા પર પ્રકૃતિ પ્રેમીઓમાં અરેરાટી સાથે રોષ પ્રવર્તી રહ્યો છે અને વડલો 'ટૉક ઓફ ધ ટાઉન' બન્યો છે.

એસજી હાઈવેને સિકસલેન કરવા માટે ગાંધીનગરમાં અગાઉ ઘ-૦ સર્કલે પણ વર્ષો જુના હારબંધ ઘટાદાર લીમડાના અસંખ્ય વૃક્ષોની કટૌતી મામલે શહેરીજનોમાં રોષ ફેલાવા પામ્યો હતો અને તે માટે શહેરના અનેક મોભી નાગરિકોએ દેખાવો પણ યોજયા હતા. આ પછી ફરી એકવાર સે-૨૨માં વર્ષો જુના ઘટાદાર વૃક્ષો આંતરિક માર્ગ પહોળો કરવા માટે કપાવા જઈ રહ્યા છે જે માટે શહેરના પર્યાવરણ પ્રેમી નાગરિકો દ્વારા 'પ્રકૃતિ રક્ષા અભિયાન' અંતર્ગત વિરોધ પ્રદર્શન કરી આ વૃક્ષો નહીં કાપવા આવેદનપત્ર આપવામાં આવ્યું છે. શહેરના હાર્દસમા ઘ-૪ સર્કલે અન્ડરપાસના લીધે સર્કલ વચ્ચે ઉભેલા એક દુર્લભ વૃક્ષ સહિત સમગ્ર સર્કલનો તેમાંના વૃક્ષો સહિત ખાતમો બોલી ચુકયો છે અને હવે ગ-૪ નજીક પણ કેટલાંક વૃક્ષો કપાશે જેમાં પેલા ઘેઘુર વડલાનો પણ સમાવેશ થાય છે તેને અનુલક્ષીને સોશ્યલ મિડીયા પર વિરોધ પ્રગટ કરતી ઘણી બધી પોસ્ટ વાઈરલ થઈ રહી છે જેને અનેક નાગરિકોનો ટેકો પણ મળી રહ્યો છે. મોટી સંખ્યામાં શહેરના નાગરિકો સોશ્યલ મિડીયાના માધ્યમથી જાગૃતિ દર્શાવી વૃક્ષો બચાવવા સહિત ખાસ કરીને ઘેઘુર વડલાને કપાતો બચાવવા પોતાનો મત વ્યકત કરી રહ્યા છે ત્યારે સત્તાધીશો અને વહીવટી તંત્રએ પણ નાગરિકોની લાગણીને ધ્યાનમાં રાખવો જોઈએ તેવો મત બંધાઈ રહ્યો છે.



આ સાથે સોશ્યલ મિડીયા પર ગ-૪ના ઘેઘુર વડલાના ફોટોગ્રાફસ અને વિડીયો પણ શહેરના વિવિધ ગૃપ, પેજીસ વગેરે પર મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. જેમાં લખ્યું હોય છે કે શકય છે કે આપણા પ્રિય આ વડલાની થોડા દિવસમાં હત્યા થઈ જશે વગેરે વગેરે... અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ વડલા ફરતે સરસ મજાનો ઓટલો પણ બનાવાયેલો છે જેનો ઉપયોગ મોર્નિંગ વોકર્સ વોક લીધા પછી કે સ્વર્ણિમ પાર્કમાં યોગ-પ્રાણાયામ કરતા યોગાર્થીઓ પોરો ખાવાથી માંડીને નજીકની કોલેજોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે કે સાંજે નાગરિકો પરિવાર સહિત આંટો મારવા આવે ત્યારે બેઘડીક બેસવા માટે અને યુવા મિત્રો મળવા માટે કરી રહ્યા છે. જેથી આ વડલો લગભગ અબાલવૃધ્ધ સૌ કોઈને પ્રિય બની રહ્યો છે તેથી તેના કપાવાની વાતથી નાગરિકોને દુઃખ થઈ રહ્યું છે.

# શહેરના અરે વાહ ગૃપના બાળકો દ્વારા પોકેટમની બચાવી સેવાકાર્ય

ગાંધીનગર, તા.૭

શહેરમાં ઘણી સેવાકીય સંસ્થા કાર્યરત છે. જેમાં ખાસ કરીને યુવાનો જરૂરિયાતમંદો તથા ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર કરે છે તે બાબત નોંધનીય છે. આજ રીતે લગભગ છેલ્લા ૨ વર્ષથી શહેરમાં અરે વાહ... કરી નાના બાળકોનું ગૃપ કાર્યરત છે. જેઓ પોતપોતાની પોકેટમનીમાંથી પૈસા ભેગા કરી શહેરમાં સેવાકાર્યો કરી રહ્યા છે.

અરે વાહ ગૃપના નિર્મલ શાહ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, અમે સે-૨૨ના રહેવાસી છીએ એક દિવસ બધા ભેગા મળી તપોવન ગૌ શાળાની મુલાકાતે જતા હતા અને અમારી નજર સમક્ષ કુતરાને અકસ્માત થયો. અકસ્માત કરનાર ગાડી ઉભી ન રહી ઉપરથી વધુ ઝડપથી ભાગી ગઈ. અમે પહોંચીએ તે પહેલા જ કુતરું તરફડીને મૃત્યુ પામ્યું. આ જોઈ અમારું હૃદય દ્રવી ઉઠયું અને ત્યારબાદ અમે ભેગા થઈ ૨ જુલાઈ ૨૦૧૭ના દિવસે અન્ય જીવોને બચાવવા ગૃપ બનાવ્યું જેને અરે વાહ.. નામ આપ્યું. અમે પોકેટમનીમાંથી જેટલી બને તેટલી અમારા ઘરના આજુબાજુના પ્રાણીઓની મદદ કરતા અને હજી કરી રહ્યા છીએ. નાના પાયે શરૂ કરેલું કામ હવે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે.





અરે વાહ... ગૃપમાં ૧૨ થી ૨૦ વર્ષ સુધીના બાળકો તથા યુવાનો કાર્ય કરી રહ્યા છે. જે પોતાની પોકેટમનીના અમુક હિસ્સામાંથી તેમની આજુબાજુના સેકટરમાં કુતરાઓને છાશ પીવડાવે છે. બાળકોના જણાવ્યા અનુસાર પહેલા તેઓ દૂધ કે દૂધપૌંઆ કૂતરાઓને આપતા પરંતુ અમુક રીસર્ચ કરી અને શહેરના ડોકટરોની સલાહ સાથે હવે તેઓ કૂતરાઓને છાશ પીવડાવે છે. આ ઉપરાંત ગૃપ દ્વારા તહેવાર સમયે સેવાકાર્યો થાય છે. ગાયને ઘાસચારો પણ અપાય છે. ઉપરાંત બાળકો દ્વારા હાલમાં જ ઈદના દિવસે વીરમગામના કતલખાનામાંથી ગાયોને પણ છોડાવવામાં આવી હતી. આ સેવાકાર્ય કરતા બાળકો નિર્મલ અને શ્રેયાંશ શાહ, મીત હાર્દ, સ્મિત અને સાશ્વત શાહ, પ્રિયંક પટેલ, વીર મહેતા, નિસર્ગ શાહ, જીત અને ખુશ કપાસી, ઋષભ ડાગલી, રિશીત શાહ, નમશ શેઠ, જયમિના મણિયાર, ધનવી અને દૃષ્ટિ શાહ અને પંકિત જોષી દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે, સર્વે દરેક જીવો પ્રત્યે સહાનુભૂતિ રાખે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. રાઠોડ વજેસિંગ ઉદેસિંગ, ઉ.વ. ૬૨, અનોડિયા, તા. માણસા
- સ્વ. ઠાકોર મણાજી બબાજી, ઉ.વ. ૫૨, ભાડકિયા, તા.જી. મહેસાણા
- સ્વ. અમરતભાઈ જુહાભાઈ દંતાણી, ઉ.વ. ૬૧, સે-૨૦, છાપરાં, ગાંધીનગર
- સ્વ. ખત્રી હસમુખભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૪, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. સરલા વિનોદ દેસાઈ, ઉ.વ. ૬૪, શીતનગર, દહીંસર, મુંબઈ